[74] SEAT No.________ No. of Printed Pages : 3

Sardar Patel University (pages: 3)

M.A. Examination, 4th semester

Saturday date: 23-3-2019, Time: 2:00 p.m. to 5:00 p.m.

PA04C GUJ07 Subject: Gujarati

Subject title: Shaili Vignan & Gujarati Grammar (Total marks: 70)

................................................................................................................................................

પ્રશ્ન :૧ વૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો. (ગુણ:૧૦)

૧) યોગ્ય યુગ્મો રચો.

| યાદી:૧ | યાદી:૨ |
|---|---|
| ૧) આબોહવા | ૧) તત્પુરુષ સમાસ |
| ૨) સર્વજ્ઞ | ૨) દ્વન્દ્વ સમાસ |
| ૩) સ્નેહભીનું | ૩) મધ્યમપદલોપી સમાસ |
| ૪) કાનટોપી | ૪) ઉપપદ |

અ) ૧-૨, ૨-૧, ૩-૪, ૪-૩ બ) ૧-૩, ૨-૪, ૩-૧, ૪-૨

ક) ૧-૨, ૨-૧, ૩-૩, ૪-૪ ડ) ૧-૨, ૨-૪, ૩-૧, ૪-૩

૨) 'સમીર યુરોપ ગયો.'-આ પંકિતમાં 'યુરોપ'શબ્દમાં રહેલ શૂન્ય પ્રત્યય કયું કાર્ય કરે છે?

અ) કર્તા બ) કર્મ ક) કરણ ડ) અધિકરણ

૩) નીચેનામાંથી કઈ વાક્યરચનામાં એક વાક્ય મુખ્ય હોય છે અને બીજું વાક્ય અવલંબિત હોય છે?

અ) સાદું વાક્ય બ) સંયુક્ત ક) સંકુલ ડ) ભાવે

૪) 'મલય પણ આવ્યો હતો.'- વિધાનમાં 'પણ' પદ કયું કાર્ય કરે છે?

અ) સંયોજક બ) ક્રિયાવિશેષણ ક) નિપાત ડ) નામયોગી

૫) મંદિરની પાછળના ઘરમાં ચોરી થઈ છે.' આ વિધાનમાં 'પાછળ' પદ કયું કાર્ય કરે છે?

અ) ક્રિયાવિશેષણ બ) નિપાત ક) નામયોગી ડ) વિશેષણ

(P.T.O.)

૬) નીચેનામાંથી કયું વિશેષણ વિકારી છે?

અ) કાળુ  બ) સરસ  ક) લાલ  ડ) ગુલાબી

૭) નીચેનામાંથી કયા વાદ સાથે મુકારવોસ્કી જોડાયેલા હતા.

અ) દ્વૈતવાદ બ) અદ્વૈતવાદ  ક) પ્રયોજનવાદ  ડ) સ્વરુપવાદ

૮) ' વિચારોને રૂપાકાર આપવામાં શૈલીનો ઉદય રહેલો છે. ' આ વિધાન કોનું?

અ) એરિસ્ટોટલ  બ) પ્લેટો  ક) ઉમાશંકર  ડ) બફન

૯) ચાર્લ્સ બાલીએ 'stylistique' નામનું પુસ્તક ક્યારે રચ્યું છે?

અ) ઈ.સ.૧૯૦૯  બ) ઈ.સ.૧૯૦૭  ક) ઈ.સ.૧૯૧૯  ડ) ઈ.સ.૧૯૦૦

૧૦) નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

વિધાન:૧ પ્રાહ્ગજૂથના વિદ્વાનોએ 'ફોરગ્રાઉન્ડિંગ'નો વિચાર આપ્યો.

વિધાન:૨ 'વિકટર સ્કલ્વોસ્કિએ 'શબ્દનું પુનરુત્થાન'નામનો લેખ લખ્યો.

અ) બન્ને વિધાન સાચાં છે  બ) બન્ને વિધાન ખોટાં છે

ક) વિધાન:૧ સાચું,વિધાન:૨ ખોટું  ડ) વિધાન:૧ ખોટું,વિધાન:૨ સાચું

પ્રશ્ન : ૨ ગુજરાતી ભાષાના અનુગો અને નામયોગીઓના પ્રકાર અને કાર્ય વિશે વિગતે પરિચય કરાવો

**અથવા** (ગુણ: ૧૫)

ટૂંકનોંધ લખો. (ત્રણ)

અ.ગુજરાતીનાં ક્રિયાવિશેષણો  બ. ગુજરાતીમાં લિંગ અને વચનવ્યવસ્થા

ક. ગુજરાતીમાં કાળ-અર્થની વ્યવસ્થા  ડ. ગુજરાતી ભાષાનાં કૃદંતો

પ્રશ્ન : 3 (અ) વાક્યની વિભાવના જણાવી ગુજરાતી ભાષાના વાક્યપ્રકારો અને પ્રયોગોની સદૃષ્ટાંત પરિચય કરાવો.

(ગુણ : ૧૧)

**અથવા**

(અ) પદસંવાદ અને પદક્રમ વિશે વિગતે લખો. (ગુણ :૧૧)

(બ) માગ્યા પ્રમાણે ઉત્તર આપો. (ગુણ : ૪)

૧. 'રમા વેઢમી બનાવતી.' -પ્રેરક બનાવો.

૨. શશાંક ક્રિકેટ રમે છે '. -કર્મણિ બનાવો

૩. 'કરણ જાગે છે.' -ભાવેપ્રયોગમાં રૂપાન્તર કરો.

૪. 'ફૂલ થાય છે'- ભૂતકૃદંત પ્રયોજી વાકય બનાવો.

પ્રશ્ન : ૪ પદ્યશૈલી અને ગદ્યશૈલી વચ્ચેનો ભેદ દર્શાવી , સાહિત્યિક શૈલીના વિવિધ પ્રભેદો જણાવો.

(ગુણ: ૧૫)

**અથવા**

વ્યવહારભાષા અને સાહિત્યભાષા વચ્ચેનો ભેદ દર્શાવી શૈલીની વિવિધ વિભાવના જણાવો.

પ્રશ્ન : ૫ પાશ્ચાત્ય શૈલીવિચારનો વિગતે પરિચય કરાવી તેની વિવિધ શાખાઓ શું કાર્ય કરે છે તે જણાવો.

**અથવા** ( ગુણ: ૧૫)

ટૂંકનોંધ લખો. (બન્ને)

૧. કુંતકના વક્રોકિત અને માર્ગવિચાર સાથે શૈલીવિજ્ઞાનની તુલના

૨. વામનનો રીતિવાદ અને પાશ્ચાત્ય શૈલીવિચાર

---X---